eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 68
08 Sept., 2006

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મહાનગરપાલિકા મુખ્ય કચેરી પટાંગણ તથા તમામ ઝોન કચેરીઓ, મેડીકલ કોલેજ, સલાબતપુરા વોર્ડ ઓફિસ, તમામ સુમન શાળાઓ ખાતે રાષ્ટ્રગીતના સમુહગાનનો કાર્યક્રમ



શ્રી બંકિમચંદ્ર ચેટરજી રચિત " વંદે માતરમ્ " રાષ્ટ્ર ગીતને ૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય, શતાબ્દી વર્ષ ઉજવણી સમાપન પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકા મુખ્ય કચેરી પટાંગણ, તથા તમામ ઝોન કચેરીઓ, મેડીકલ કોલેજ, સલાબતપુરા વોર્ડ ઓફિસ, તમામ સુમન શાળાઓ ખાતે રાષ્ટ્રગીતના સમુહગાનનો કાર્યક્રમ તા. ૭–૯–૨૦૦૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. અને ટ્રાફીક ડીપાર્ટમેન્ટના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ ધ્વારા શહેરનાં ડીવાઈડરો, ઝીબ્રા, ગ્રેઈનને રંગકામ

તાપી નદીમાં તારીખ ૭ થી ૧૦ ઓગષ્ટ ૨૦૦૬ દરમ્યાન આવેલ પૂરને કારણે સુરત શહેર વિસ્તારમાં પૂરના પાણી ફરી વળવાના પરિણામે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનોમાં આવેલ ટ્રાફિક આઈલેન્ડ, ગાર્ડ સ્ટોન, રોડ ડિવાઈડરની ગ્રીલોને તેમજ ડિવાઈડરની જગ્યામાં પાણીના ભરવાને લીધે નુકશાન થવા પામેલ જે પૂર પશ્ચાતની પરિસ્થિતિ બાદ રોડ ડિવાઈડરની જગ્યા તેમજ ગ્રીલોને સાફસફાઈ કરાવી રંગકામ કરવાનું કામ હાલમાં વિવિધ ઝોનોમાં યુધ્ધના ધોરણે ચાલુ છે.



વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને વધુ રૂા. ૯ કરોડની ફાળવણી

પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જંતુનાશક દવાઓ, રોગચાળાને નાથવા દવાઓ, સ્વચ્છતા અભિયાનમાં અનિવાર્ય વાહનોની ખરીદી, મોટાપાયે હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાન માટે રોકવામાં આવેલ વધારાના માણસો તેમજ કાદવ ઉચકવા માટે મોટા પાયે ભાડે રખાયેલ વાહનો અને વોટર કલોરીનાઈઝેશન તેમજ ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સઘન બનાવવા વાહનોની ખરીદી વિગેરેની મહત્વની કામગીરીને પહોંચી વળવા રાજય સરકારશ્રીએ રાહત કમિશનર અને એક્ષ ઓફીસીયો અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળ મુકેલ ગ્રાન્ટમાંથી ઓગષ્ટ માસના છેલ્લા અઠવાડિયામાં સુરત મહાનગરપાલિકાને રૂા. ૯ કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મહાનગરપાલિકા મુખ્ય કચેરી પટાંગણ તથા તમામ ઝોન કચેરીઓ, મેડીકલ કોલેજ, સલાબતપુરા વોર્ડ ઓફિસ, તમામ સુમન શાળાઓ ખાતે રાષ્ટ્રગીતના સમુહગાનનો કાર્યક્રમ

શ્રી બંકિમચંદ્ર ચેટરજી રચિત " વંદે માતરમ્ " રાષ્ટ્ર ગીતને ૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય, શતાબ્દી વર્ષ ઉજવણી સમાપન પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકા મુખ્ય કચેરી પટાંગણ, તથા તમામ ઝોન કચેરીઓ, મેડીકલ કોલેજ, સલાબતપુરા વોર્ડ ઓફિસ, તમામ સુમન શાળાઓ ખાતે રાષ્ટ્રગીતના સમુહગાનનો કાર્યક્રમ તા. ૭–૯–૨૦૦૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સદ્સ્યશ્રીઓ મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષી, રાહત કમિશનરશ્રી એસ. આર. રાવ તથા અન્ય અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમુહગાન કર્યું હતું.



દરેક જીવંત રાષ્ટ્રનો શ્વાસ તેના ગૌરવપ્રતિકોમાં ધબકતો રહે છે. રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રચિહ્ન, રાષ્ટ્રના યોદ્ધાઓના પ્રચંડ યુદ્ધ નાદ, સીના તાણીને આકાશને આંબતા ઊભેલા અમર સ્થાપત્યો, રાષ્ટ્રકવિઓના અનેરા ગૌરવગાન અને રાષ્ટ્રની બલિવેદી પર હસતાં હસતાં મરી મિટેલા અમર શહિદોએ પોકારેલા જયઘોષમાં રાષ્ટ્રનો પ્રાણ ધબકતો જ રહે છે. ભારતના ગૌરવપ્રતિકોમાં એક છે તેના સપૂતોએ ગજાવેલો ગગનભેદી કસુંબી રણનાદ ' વંદેમાતરમ્ ', અને ઋષિવર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે દર્શેલુ અને આનંદમઠમાં આલેખાયલું માતૃભૂમિની આઝાદીની આરાધના કરતા ગર્વિષ્ઠ સંતાનોનું લાડીલું , શબ્દે શબ્દે સામર્થ્ય જગાવતું ગીત ' વંદેમાતરમ્ '.

અંગ્રેજી મહાસત્તા સામેના સ્વાધીનતાના જંગમાં અગણિત નવલોહીયાઓ ' વંદેમાતરમ્ ' ના પોકાર સાથે શહિદીને વર્યા. ૧૯૦૭ માં સ્ટુટગાર્ટમાં મેડમ ભીખાજી કામાએ ફરકાવેલા પ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ પર પણ ઉપરના કેસરી અને

નીચેના લીલા પટ્ટાઓ વચ્ચે આછા પીળા પટ્ટા પર અંકિત હતા આ જ અમર ગીતના અમર શબ્દો ' વંદેમાતરમ્ ' અને પહેલો રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે મેડમ કામાએ અને ઉપસ્થિત જનમેદનીએ કરેલ જયનાદ પણ હતો ' વંદેમાતરમ્ '.

રાષ્ટ્રધ્વજ એ ગજભરનું સામાન્ય કપડું નથી પણ રાષ્ટ્ર આખાના ગૌરવનું પ્રતિક છે તેમજ ' વંદેમાતરમ્ ' ગીત અને આ જયનાદ એ કોઈ સામાન્ય કે નીર્જીવ શબ્દસમૂહ નથી, પણ આખા રાષ્ટ્રનો જીવંત શ્વાસમંત્ર છે. રાષ્ટ્રની બલિવેદી પર ચઢનારા બત્રીસ લક્ષણા સપૂતોનો આ પ્રાણમંત્ર છે. આ મંત્રનું રટણ કરતાં જ આ રાષ્ટ્રના સંતાનોના હાથોમાં પ્રચંડ બળની ભરતી આવે છે, મરી ફીટવાનું ઝનૂન પેદા થાય છે.

જગતની કોઈ પણ પ્રજા પોતાના ધ્વજ, ગીત અનેયુદ્ધનાદ સમ પ્રતિકોની સતત પૂજાથી જ મહાપુજા બને છે, અને કોઈ પણ રાષ્ટ્ર આ પ્રતિકોના સતત સન્માનથી જ મહાન રાષ્ટ્ર બને છે. ગર્ભાશયના લાલ અંધકારમાં હમણાં જ ધબકતા થયેલ અજન્મ ભારતીય ગર્ભથી લઈને કબરમાં પોઢેલ કે સ્મશાનના લાલ ઉજાસમાં જલતી છેલ્લી ભારતીય લાશ સુધીના તમામ ભારતીયોને એક સૂત્રે બાંધતા રાષ્ટ્રગૌરવના આ પરમ પ્રતિકને જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ, ગણ કે યોનિના ભેદોથી ઉપર ઊઠીને સન્માનવામાંજ આપણી પ્રજા અને રાષ્ટ્ર તરીકે શોભા છે' વંદેમાતરમ્'

TOP

## સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. અને ટ્રાફીક ડીપાર્ટમેન્ટના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ ધ્વારા શહેરનાં ડીવાઈડરો, ઝીબ્રા, ગ્રેઈનને રંગકામ

તાપી નદીમાં તારીખ ૭ થી ૧૦ ઓગષ્ટ ૨૦૦૬ દરમ્યાન આવેલ પૂરને કારણે સુરત શહેર વિસ્તારમાં પૂરના પાણી ફરી વળવાના પરિણામે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનોમાં આવેલ ટ્રાફિક આઈલેન્ડ, ગાર્ડ સ્ટોન, રોડ ડિવાઈડરની ગ્રીલોને તેમજ ડિવાઈડરની જગ્યામાં પાણીના ભરવાને લીધે નુકશાન થવા પામેલ જે પૂર પશ્ચાતની પરિસ્થિતિ બાદ રોડ ડિવાઈડરની જગ્યા તેમજ ગ્રીલોને સાફસફાઈ કરાવી રંગકામ કરવાનું કામ હાલમાં વિવિધ ઝોનોમાં યુધ્ધના ધોરણે ચાલુ છે.




**આ કામગીરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના એન.એસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના)ના ૧૦૩૧ જેટલા વિદ્યાર્થીઓ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત પ્રયાસથી કુલ ૧૭ ટીમો અને ૨૭ કોલેજના સામુહિક પ્રયાસોથી જનભાગીદારીના ખ્યાલને અપનાવી યુવા શકિતના માધ્યમથી જાહેર હિતને સ્પર્શતી નાગરિક સુવિધાઓ પુનઃ સ્થાપિત કરવાના ધ્યેયથી તા.૧–૯–૦૬ થી તા.૭–૯–૦૬ દરમ્યાન અસરકારક રીતે કામગીરી કરાવવાનું શરૂ કરવામાં આવેલ છે.** જેમાં કતારગામ ઝોન ખાતે કતારગામ બાળાશ્રમ થી અમરોલી જકાતનાકા, ગજેરા સર્કલ થી ફૂલપાડા રોડ, નગીનાવાડી સર્કલ થી સર્કલ થી કાંસાનગર, ડભોલી ચાર રસ્તાથી ગજેરા સ્કૂલ (બાપા સીતારામ રોડ), કંતારેશ્વર મહાદેવ મંદિર પાછળ, સીંગણપોર ચાર રસ્તા થી સીંગણપોર ગામ સુધીના વિવિધ રોડ ડિવાઈડરો તેમજ અખંડ આનંદ સ્કૂલની સામે સુએઝ પ્લાન્ટ સુધી, ધનમોરાથી ત્રણ બંગલા, ડાયમંડ ઈન્સ્ટીટયુટ, શાંતિનિકેતન સોસાયટી, ગજેરા સ્કૂલ (વોટર ડ્રોપ) તથા અમરોલી જકાતનાકા, લાલદરવાજી થી ઝોન ઓફીસ, અમરોલી આઈલેન્ડ તથા ચેનેલાઈઝર ના ગાર્ડ સ્ટોનોને ચુનો કરાવવાની કામગીરી તેમજ સેન્ટ્રલ ઝોનમાં ચોક થી મકકાઈ પુલ, સલાબતપુરા રામદ્વારા મંદિર, દિલ્હી ગેટથી ઉનાપાણી રોડ લાલદરવાજા સુધી, લાલદરવાજાથી હિમસન આઈલેન્ડ, સુર્યપુર ગરનાળાની ડિવાઈડર, સહારા દરવાજાથી ગરનાળા સુધી ડિવાઈડરોને તેમજ ટ્રાફીક સર્કલો સલાબતપુરા, લાલતબેલા, નવસારી બજાર, પૂતલી આઈલેન્ડની ગ્રીલ, કિન્નરી ટોકીઝ સામે ચેનેલાઈઝર, સલાબતપુરા પોલીસ સ્ટેશન સામે, શિવાજીની પ્રતિમાવાળું ચેનેલાઈઝર, પાકો કલર કરવાની કામગીરી. વિવેકાનંદ સર્કલથી એકતા સર્કલ, કાંસકીવાડ રોડ, ફોરેન્સીક લેબ. પાસે રીંગરોડ, સહારાદરવાજા ચેનેલાઈઝર, સલાબતપુરા પપીંગથી ધ્રુવ ઓટો થઈ રીંગરોડ તેમજ વરાછાઝોનમાં બોમ્બે માર્કેટવાળા રસ્તે, ભગતસિંહ ગાર્ડનવાળા રસ્તે, લંબે હનુમાન રોડ, બોમ્બ માર્કેટના પાછળના રસ્તે, અશ્વનીકુમાર રોડ, વલ્લભાચાર્ય રોડ, સંતોષીનગરવાળા રસ્તે, પૂણા જકાતનાકા થી અર્ચના વિદ્યાલય, વૈશાલી સિનેમા થી ઉમિયાચોક થઈ સરસ્વતી વિદ્યાલયના રસ્તાના રોડ ડિવાઈડરોને રંગકામ તથા સ્પીનીંગ મીલથી રચના સર્કલ, રેણુકા ભવન પાસે, નાનાવરાછા તેમજ રાંદેર ઝોનમાં રામનગર થી રાંદેર બસસ્ટેન્ડ, ગોરાટ રોડ, આયેશા ટાવર થી કોઝવે, ગ્રીન એવન્યુ થી એલ.પી. સવાણી રોડ, એલ.પી. સવાણી થી પાલનપુર નાકા થી સંત તુકારામ (સુભાષચંદ્ર બોઝ માર્ગ), છત્રપતિ શિવાજી સર્કલ થી મેગાબાઈટ થઈ પાલનપુર રોડ, ચોકસી વાડીથી તાડવાડી જંકશનના રોડ ડિવાઈડરોને રંગકામ તેમજ સ્નેહ સંકુલ વાડીથી જેસલમેર છત્રી, કૃષ્ણનગર નાળ, આર્ચીઝ ચેનેલાઈઝર, મણીરતન એપાર્ટમેન્ટ સામે, નવયુગ ચેનેલાઈઝર, સત્યમશિવમ ચેનેલાઈઝર, તાડવાડી જંકશન સામે તેમજ લિંબાયત ઝોનમાં, કિન્નરી સિનેમાથી ત્રિરંગા ચોક થઈ ઉદ્યોગ નગર સુધી, આઈમાતા ચોકથી ડુંભાલ ખાડી બ્રીજ સુધી રોડડિવાઈડરોને રંગકામ તેમજ ઉધનાઝોનમાં ચોસઠ જોગણી મંદિર થી નવજીવન મોટર્સ થઈ મહાલક્ષ્મી સોસાયટી જંકશન, ઉધનાઝોન ઓફીસ થઈ અલફેસાની મસ્જીદ સુધી, સોસીયો સર્કલ થી પિયુષ કોમ્પલેક્ષ, સીકોન સર્કલ થી

મહાલક્ષ્મી નગર થઈ દાગીના નગર, ઉધના મગદલ્લા રોડ પર સોસીયો સર્કલ થી સીએનજી રોડ જંકશન સુધી, કડીવાલા સ્કૂલ જંકશન થી સોસીયો સર્કલ, સુરત નવસારી રોડ, ઉધનાઝોન ઓફીસ સામેના રસ્તે, દાગીના નગર તરફના રસ્તે, ઉધના ઉદ્યોગનગરવાળા રસ્તે, વિકાસ કોલોની વાળા રસ્તે, અહલ્યાબાઈ હોળકર(કોમ્યુનિટી હોલ)વાળા રસ્તે, તુકડોજી મહારાજ માર્ગ તેમજ અઠવાઝોનમાં ઉધના મગદલ્લા રોડ ભટાર ચાર રસ્તા થઈ ક્રોસ જકાતનાકા રોડ, ભટાર ચાર રસ્તાથી અલથાણ કેનાલ સુધી, સર્વોદય સ્કૂલ થી હોટમીક્ષ પ્લાન્ટના રોડ સુધી, મજુરા ગેટ થી રોયલ સર્કલ કાપડીયા હેલ્થ કલબ રોડ, મજુરા ફાયર સ્ટેશનથી ભટરા ચાર રસ્તા, રામચોકથી જમના નગર થઈ ભટાર ચાર રસ્તા, ઘોડદોડ રોડ યુનિયન પાર્કથી ઈશ્વર ફાર્મ કેનાલ થઈ ઉધના મગદલ્લા રોડ સુધી, પીપલોદ શારદાયતન સ્કૂલથી ઉમરા ગામ ખાડી સુધીના ડિવાઈડરની જગ્યા તેમજ ગ્રીલોને સાફસફાઈ કરાવી રંગકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.



**આ ત્રણ દિવસ દરમ્યાન ઉપરોકત પૈકી કતારગામ ઝોનમાં ૧૩ કિ.મી. વરાછાઝોનમાં ૯ કિ.મી. સેન્ટ્રલઝોનમાં ૫ કિ.મી. રાંદેર ઝોનમાં ૧૫ કિ.મી. ઉધનાઝોનમાં ૬ કિ.મી. લિબાયતઝોનમા ૪ કિ.મી. અઠવા ઝોનમાં ૧૨ કિ.મી. મળી કુલ ૬૪ કિલોમીટરની લંબાઈને આવરી લેતી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે બાકીના આગામી ચાર દિવસમાં પૂર્ણ કરી દઈ પૂર્વવત કરી દેવાનું લક્ષ છે. આ કામગીરી ધ્વારા વિદ્યાર્થીઓ પોતાનામાં આત્મ વિશ્વાસ ઉભો કરી અને પ્રત્યક્ષ તાલીમ જ્ઞાન સાથે સ્વ વિકાસની સાથે શહેરને મદદરૂપ થવાની એક વિશિષ્ટ ભાવના ચરિતાર્થ કરવાનો પણ એક ઉદેશ સાર્થક થાય છે. એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને આ કામગીરી માટે ગુજરાત રાજયના એન.એસ.એસ. ડીરેકટર શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. કોઓર્ડિનેટર શ્રી નવીનભાઈ પટેલ અને સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. અને ટ્રાફીક ડીપાર્ટમેન્ટ માર્ગદર્શન પુરુ પાડી રહેલ છે.**

**TOP**

# પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને વધુ રૂા. ૯ કરોડની ફાળવણી

પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જંતુનાશક દવાઓ, રોગચાળાને નાથવા દવાઓ, સ્વચ્છતા અભિયાનમાં અનિવાર્ય વાહનોની ખરીદી, મોટાપાયે હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાન માટે રોકવામાં આવેલ વધારાના માણસો તેમજ કાદવ ઉચકવા માટે મોટા પાયે ભાડે રખાયેલ વાહનો અને વોટર કલોરીનાઈઝેશન તેમજ ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સઘન બનાવવા વાહનોની ખરીદી વિગેરેની મહત્વની કામગીરીને પહોંચી વળવા રાજય સરકારશ્રીએ રાહત કમિશ્નર અને એક્ષ ઓફીસીયો અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળ મુકેલ ગ્રાન્ટમાંથી ઓગષ્ટ માસના છેલ્લા અઠવાડિયામાં સુરત મહાનગરપાલિકાને રૂા. ૯ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. થયેલ કામગીરીનું મુલ્યાંકન કરી આ ફંડમાંથી પૂર પછીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી યુધ્ધના ધોરણે હાથ ધરાયેલ કામગીરીને ધ્યાને લઈ, રાજય સરકારના આ ફંડમાંથી સુરત મહાનગરપાલિકાને વધુ ૯ કરોડની ફાળવણી તા. ૫–૯–૨૦૦૬ના રોજ કરવામાં આવેલ છે, જે મળી સુરત મહાનગરપાલિકાને આફતગ્રસ્ત પરિસ્થિતિને પહોંચી વળવા કુલ રૂા. ૧૮ કરોડ જેટલી માતબર રકમની ગ્રાન્ટ સૌ પ્રથમવાર રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે જે અત્રે ખાસ ઉલ્લેખનીય છે.

TOP